૨(બ) 549

<u>કામ નંબર : ૧૨</u>

મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૫ (પાલ):સુડા:સુરત અંગે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૧૭ હેઠળ આવેલ વાંધાસૂચનોની વિચારણા કરી, સદરહુ મુસદ્દારૂપ નગર રચના યોજના, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ સરકારશ્રીને જરૂરી સાંકિત્યસહ મંજુરી અર્થે સાદર કરવા બાબત.

<u>ઠરાવ નંબર : ૨૧૫૮</u>

સુરત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ, મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૧૫ (પાલ):સુડા:સુરતની યોજના બનાવવાનો ઈરાદો તા.૧૮/૩/2000 ના રોજ જાહેર કરેલ, જે ગુજરાત સરકારશ્રીના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ ઉપર તા.૩/૪/2000 ના રોજ પાન નં.૪૭ તથા ૪૮ ઉપર પ્રસિધ્ધ થયેલ, સદર નગર રચના યોજનાની વિગતવાર દરખાસ્તો તૈયાર કરી ઉકત કાયદાની જોગવાઈઓ અન્વયે, યોજનાની અંદર સમાવિષ્ટ જમીનમાલિકો/હીત ધરાવનારાઓને જરૂરી સમજણ આપવા તથા વાંધાસૂચનો આવકારવા ઓનર્સ મીટીંગનું આયોજન તારીખ ૧૮/૧૧/2000 ના રોજ કરેલ તથા તેની જાહેરાત, દૈનિક સમાચાર પત્રોમાં આપેલ, જે મુજબ ઓનર્સ મીટીંગમાં હાજર રહેલ તમામને યોજનાની દરખાસ્તો તથા વિવિધ પાસાઓની વિસ્તૃત સમજણ આપવામાં આવેલ તથા તે મુજબ રજુ કરેલ રીકોન્સ્ટીટ્યુશન પ્લાનની સમગ્ર દરખાસ્તોને, સુડા બોર્ડ બેઠક નં.૧૦૬ તા.૧૫/૧૨/2000 ના ઠરાવ નં.૨૧૪૨ થી મંજુર કરવામાં આવેલ હતી અને તદનુસાર કાયદાની જોગવાઈઓ હેઠળ સદરહુ સ્કીમની દરખાસ્તો ઉપર જમીનમાલિકો/હીતસંબંધ ધરાવનારાઓ તરફથી વાંધાસૂચનો આવકારવા વિહિત રીતે પ્રસિધ્ધ કરવામાં આવેલ, જેની પ્રસિધ્ધિ ગુજરાત સરકારશ્રીના તા.૧૫/૧૨/2000 ના એક્સ્ટ્રા ઓર્ડીનરી ગેઝેટ ભાગ-૨ ના પાન નં.૨૦૭ તથા ૨૦૮ ઉપર કરવામાં આવેલ છે તથા તેની જાહેરાત, દૈનિક વર્તમાનપત્રમાં જાહેરજનતાની જાણ અર્થે આપવામાં આવેલ હતી. સદરહુ વિગતોએ તૈયાર કરેલ રીકોન્સ્ટીટ્યુશન પ્લાનની સમગ્ર દરખાસ્તો અન્વયે, ઓનર્સ મીટીંગ બાદ સ્કીમ પ્રસિધ્ધિના સમયગાળામાં તથા યોજનાની પ્રસિધ્ધિની તારીખથી એક માસની મુદતમાં તથા કાયદાકીય સમયમર્યાદાની તારીખથી બોર્ડની તારીખના સમયગાળામાં મળેલ વાંધાસૂચનોનું યોગ્ય વિચારણા બાદ જરૂરી રીમાર્કસ સાથે